# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*******************************************************

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિએતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય સંવાદ.**

**2)** **તમિળનાડુમાં બહુમતી માટે 11 બેઠક ઓછી હોવાથી TVK એ અન્ય રાજકીય પક્ષો સાથે ચર્ચા શરૂ કરી.**

**3)** **પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં અસામાજીક તત્વો દ્વારા કરાયેલા ગોળીબારમાં 3 જવાન ઈજાગ્રસ્ત.**

**4)** **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ દ્વારા સૈન્ય અભિયાન “પ્રોજેક્ટ ફ્રિડમ”ને કામચલાઉ રોકવાની જાહેરાત બાદ વૈશ્વિક તેલની કિંમતમાં ઘટાડો.**

**5)** **IPL ક્રિકેટમાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM VIETNAM PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલ નવી દિલ્હીમાં વિએતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ સાથે વાતચીત કરી રહ્યા છે. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધના વિવિધ પાસાઓની સાથે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા થવાની સંભાવના છે.

અગાઉ નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના ત્રણ દિવસના પ્રવાસ પર આવેલા તો લામનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. આ પહેલા રાષ્ટ્રપ્રમુખ તો લામે રાજઘાટ પર મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલી આપી હતી.

(VOICECAST: ANUPAM MISHRA)

# PM CABINET DECISIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના 19 જિલ્લાની રેલવે પરિયોજનાને કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા અપાયેલી મંજૂરીનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આ પરિયોજનાઓથી સંપર્ક વધશે અને કાર્યક્ષમતામાં પરિવર્તન આવશે. આ સાથે જ દેશની માળખાકીય સુવિધા અને આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

પ્રધાનમંત્રીએ કહ્યું, આ પરિયોજનાઓથી દેશભરના મુખ્ય પ્રવાસન સ્થળ સુધી પહોંચ વધુ સરળ બનશે. શ્રી મોદીએ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા 33થી વધારીને 37 કરવાના મંત્રીમંડળના નિર્ણયની પ્રશંસા કરી. તેમણે કહ્યું, તેનાથી દેશની ન્યાયિક વ્યવસ્થા મજબૂત બનશે અને લોકોને ઝડપથી ન્યાય મળી શકશે.

# TN ELECTION STATUS UPDATE

તમિળનાડુ વિધાનસભા ચૂંટણીમાં સૌથી મોટા રાજકીય પક્ષ TVKએ 108 બેઠક પર જીત મેળવી છે. જોકે, બહુમતી માટે હજી પણ TVK પાસે 11 બેઠક ઓછી હોવાથી પક્ષે કૉંગ્રેસ સહિતના રાજકીય પક્ષ સાથે ચર્ચા શરૂ કરી છે.

કૉંગ્રેસના પ્રવક્તા ગિરીશ ચોડણકરે કહ્યું, TVK-ને ટેકો આપવાનો નિર્ણય બેઠક પછી લેવાશે. જ્યારે અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુન્નેત્રા કઝગમ- A.I.A.D.M.K.ના વિજેતા ઉમેદવાર લિમા રોઝે કહ્યું, તેમનો પક્ષ TVKને ટેકો આપવા ચર્ચામાં છે.

# TN GOVT FORMATION

તમિળનાડુ વિધાનસભા ચૂંટણીમાં સૌથી મોટો પક્ષ બનીને ઉભરી આવેલી તમિલગા વેત્રી કઝગમ્ – TVKના નેતા જોસેફ વિજય આજે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકર સાથે મુલાકાત કરશે. તેઓ રાજ્યમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં બહુમતી મેળવ્યા બાદ પક્ષને વધુ 10 ધારાસભ્યોના સમર્થનની આવશ્યકતા છે.

# CM-HIMANTA BISWA

આસામમાં મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ આજે ગુવાહાટીના રાજભવનમાં રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યને પોતાનું રાજીનામું સુપરત કર્યું.

વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, પરિણામોની જાહેરાત પછી રાજ્યમાં નવી સરકારની રચના માટે આ રાજીનામાથી માર્ગ મોકળો થયો છે.

આસામના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ ગોયલે વિધાનસભા ચૂંટણીના પરિણામો ઔપચારિક રીતે રાજ્યપાલને સુપરત કર્યા અને નવા ચૂંટાયેલા સભ્યોની સત્તાવાર યાદી સોંપી.

# PRADHAN WB CONDEMN

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનાં તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીના નિવેદનની ટીકા કરી. સુશ્રી બેનરજીએ કહ્યું હતું કે, તેઓ રાજ્યપાલને તેમનું રાજીનામું નહીં સોંપે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પ્રધાને આક્ષેપ લગાવ્યો કે, તૃણમૂલ કૉંગ્રેસ દ્વારા જનાદેશનો અસ્વીકાર કરવો એ પશ્ચિમ બંગાળમાં લોકશાહીને નબળી કરવાનું ઉદાહરણ છે. તેમણે કહ્યું, સુશ્રી બેનરજી જનાદેશના અસ્વીકારની સાથે સ્વતંત્ર, નિષ્પક્ષ અને સુરક્ષિત ચૂંટણી કરાવનારા ચૂંટણી પંચ તથા સુરક્ષા દળોની વિશ્વસનીયતાને પણ ઠેસ પહોંચાડવાનું કામ કરી રહ્યાં છે.

# US PREZ TRUMP

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે વિધાનસભા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શુભેચ્છાઓ પાઠવી. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કુશ દેસાઈએ કહ્યું, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પ્રધાનમંત્રીને આ ઐતિહાસિક ચૂંટણીના વિજય અંગે શુભકામનાઓ પાઠવી છે. ભાજપે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં 294માંથી 206 બેઠક જીતી છે. મમતા બેનરજીનાં નેતૃત્વ હેઠળની તૃણમૂલ કૉંગ્રેસને માત્ર 80 બેઠક મળી છે.

જ્યારે આસામમાં ભારતીય જનતા પાર્ટી સતત ત્રીજી વખત સત્તા જાળવી રાખવામાં સફળ રહી. તો પુડુચેરીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – N.D.A.-એ 30માંથી 18 બેઠક જીતીને સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WEST BANGAL FIRING

પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં અસામાજીક તત્વો દ્વારા કરાયેલા ગોળીબારમાં 1 પોલીસ જવાન અને કેન્દ્રીય  દળના 2 જવાન ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. આ ગોળીબાર તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા કરાયો હોવાનો આક્ષેપ છે. પોલીસના તપાસ અભિયાન દરમિયાન હથિયાર અને વિસ્ફોટકો કબજે કરાયા છે.

# IRAN FIRE

ઈરાનના પાટનગર તેહરાન નજીક એક શૉપિંગ સેન્ટરમાં આગના બનાવમાં આઠ લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે 36 લોકો ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક સમાચાર માધ્યમના અહેવાલ મુજબ, તેહરાન પ્રાન્તના અંદીશેહ શહેરના અરઘવન શૉપિંગ સેન્ટરમાં ગઈકાલે આગ લાગી હતી. જોકે, તેનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.

# CHINA IRAN TALKES

ચીનના વિદેશ મંત્રી વાન્ગ યી અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ આજે પેઈચિંગમાં વાતચીત કરી. તેમની આ વાતચીત ઈરાન પર હોર્મૂઝ સામુદ્રધૂનીને આંતર-રાષ્ટ્રીય જહાજો માટે ખોલવા અને સંઘર્ષ સમાપ્ત કરવા માટે અમેરિકા સાથે સમજૂતી કરવા વધતા દબાણ વચ્ચે થઈ છે. ચીનની સમાચાર માધ્યમોના અહેવાલ મુજબ, બંને વિદેશ મંત્રીઓએ હોર્મૂઝ સામુદ્રધૂનીની નાકાબંધી હટાવવા સંબંધિત મુદ્દાઓ અંગે ચર્ચા કરી.

# GLOBAL OIL PRICES

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ દ્વારા સૈન્ય અભિયાન “પ્રોજેક્ટ ફ્રિડમ”ને કામચલાઉ રોકવાની જાહેરાત બાદ આજે વૈશ્વિક તેલની કિંમતમાં ઘટાડો નોંધાયો. બ્રેન્ટ ક્રૂડ 1.21 ટકાના ઘટાડા સાથે 108 ડૉલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું હતું.

કિંમતોમાં ઘટાડા બાદ પણ વ્યાપક તેલ બજારોમાં હજી પણ અછત યથાવત્ છે. સંઘર્ષ શરૂ થયા પછીથી કાચા તેલની કિંમતોમાં અંદાજે 50 ટકાનો ઉછાળો આવ્યો છે.

# AUSTRALIA - FUEL SECURITY PACKAGE

ઓસ્ટ્રેલિયાએ રાષ્ટ્રીય બળતણ ભંડાર વધારવા અને કાયમી સરકારી માલિકીના બળતણ ભંડાર સ્થાપિત કરવા તેના આગામી બજેટ પ્રસ્તાવમાં 7 અરબ 20 કરોડ ડોલરના બળતણ સુરક્ષા પેકેજની જાહેરાત કરી છે.

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બાનીઝે જણાવ્યું હતું કે આ યોજનામાં આશરે 1 અબજ લિટર સરકારી માલિકીના બળતણ ભંડારનો સમાવેશ થાય છે, જે ઓછામાં ઓછા 50 દિવસની બળતણ માંગને પહોંચી વળવા પૂરતો છે. આ યોજનાનો હેતુ દેશને પુરવઠામાં વિક્ષેપોથી બચાવવાનો છે.

આ ભંડારના નિર્માણ માટે આશરે 2 અબજ 11 કરોડ ડોલરનો ખર્ચ થશે. બળતણ કંપનીઓને તેમની સંગ્રહ ક્ષમતા 30 દિવસથી વધારીને આશરે 40 દિવસ કરવાની પણ જરૂર પડશે.

ઓસ્ટ્રેલિયાના ઉર્જા મંત્રી ક્રિસ બોવેને કહ્યું કે આ એક મોટો નીતિગત ફેરફાર છે કારણ કે, આંતરરાષ્ટ્રીય ઉર્જા સંસ્થામાં સૂચિબદ્ધ ઘણા દેશોથી વિપરીત, ઓસ્ટ્રેલિયા પાસે અગાઉ પોતાનો સરકારી માલિકીનો બળતણ ભંડાર નહોતો.

# FACT CHECK DEFENCE

સરકારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વિડિયોને ખોટો ગણાવ્યો છે. જેમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમારે સિંહે એવો દાવો કર્યો છે કે, પાકિસ્તાને ગયા વર્ષે 10 મે-એ ભારતની સિસ્ટમને જામ કરી હતી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો- PIBના તથ્ય તપાસ એકમે સ્પષ્ટતા કરી છે કે આ વિડીયો કૃત્રિમ બુદ્ધિમત્તા- AI દ્વારા બનાવાયેલો ખોટો વિડીયો છે. પાકિસ્તાનના પ્રચાર એકાઉન્ટ્સ દ્વારા ખોટી માહિતી ફેલાવવા તેનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે. એકમે નાગરિકોને આવા વિડીયોનો શિકાર ન બનવા અને આવી શંકાસ્પદ સામગ્રીની જાણ factcheck@pib.gov.in પર ઈ- મેલ દ્વારા કરવા અપીલ કરી છે.

# IPL T20 CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. હૈદરાબાદના રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટૅડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે આ મૅચ શરૂ થશે. પૉઈન્ટ ટૅબલમાં હાલ પંજાબની ટીમ પહેલા અને હૈદરાબાદની ટીમ ત્રીજા ક્રમાંક પર છે.

ગઈકાલે દિલ્હીમાં રમાયેલી મૅચમાં દિલ્હી કૅપિટલ્સ સામે ચેન્નઈ સુપર કિંગ્સનો આઠ વિકેટે વિજય થયો. અણનમ 87 રન કરનારા ચેન્નઈના સંજુ સેમસનને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.